|| યા દેવી સર્વે ભૂતેષુ, શક્તિ રૂપેણ સંસ્થિતા...નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ||

# દાહોદમાં ખેલૈયાઓએ ધૂમ મચાવી સંજેલી માતાજીની ભવ્ય પ્રતિમા આકર્ષણનુ કેન્દ્ર બની



દાહોદ હનુમાન બજાર ખાતે ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી

**(પ્રતિનિધિ) દાહોદ - સંજેલી :** નવરાત્રિ પર્વની ભવ્ય અને ઉત્સાહસભર ઉજવણી વચ્ચે બીજા નોરતે પણ ખેલૈયાઓમાં અદભુત રંગ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ચોમેર ગરબાની ભારે ધૂમ મચી ગઈ હતી, જ્યાં માતાજીની આરાધના સાથે રસાત્મક ગરબારાસની રમઝટ બોલી હતી. પંપાળતા ઢોલના ધબકારે અને મનમોહક સંગીતના સુરે આબાલ-વૃદ્ધ સૌ કોઈ મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. નાનાં બાળકોથી લઈને વડીલો સુધીના તમામ લોકો પરંપરાગત અને ચળકતા ચણિયાચોળી તથા કેડિયા જેવા કસબી પોશાકોમાં સજ્જ થઈને રાસ-ગરબાનો આનંદ માણતા નજરે પડતા હતા. ખીલેલા માહોલમાં ખેલૈયાઓએ સ્ટેપ અને તાલબદ્ધ રાસ રજૂ કરીને સમગ્ર વાતાવરણને ભક્તિમય અને ઉત્સવમય બનાવી દીધું હતું. શેરી-મહોલ્લા, સોસાયટીઓ તેમજ મોટા ગરબા ગ્રાઉન્ડ્સમાં અંબાજી અને જગદંબાના જયઘોષ સાથે ખેલૈયાઓ મોડી રાત સુધી ઝૂમ્યા હતા. પંચમહાલ અને દાહોદના ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોમાં બીજા નોરતાની આ ઉજવણીએ લોકોમાં એક નવો ઉમંગ અને ભાઈચારો પ્રગટાવ્યો હતો, જેનાથી આ પાવન પર્વની રંગત વધુ દીપી ઉઠી હતી. સંજેલી તાલુકામાં નવરાત્રીના પાવન પર્વને લઈને નગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. શક્તિની આરાધનાના આ પર્વ દરમિયાન વિવિધ ગરબા મંડળો અને સોસાયટીઓ દ્વારા નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. માતાજીની પૂજા-અર્ચના, આરતી અને પરંપરાગત ગરબાના તાલે ભક્તો નવ દિવસ સુધી માતાજીની આરાધના કરી રહ્યા છે. નગરનાં વિવિધ વિસ્તારોમાં રાત્રિના સમયે ગરબાના આયોજનોમાં બાળકો, યુવાનો, મહિલાઓ સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. સંજેલી નગરમાં વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ પ્રજાપતિ ફળિયામાં આવેલા આઈ શ્રી ખોડીયાર માતાના મંદિર ખાતે ખોડીયાર મંડળ દ્વારા નવરાત્રી નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કોટા મહાકાળી માતાના મંદિરે પણ ભક્તિનો માહોલ અને મિલવાળી ચાલીમાં નવ દિવસ ગરબાનું આયોજન કરાતા નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



સંજેલીમાં નવરાત્રિ મહોત્સવમાં માતાજીની આકર્ષક મૂર્તિની સ્થાપના

### દાહોદ રેલવે સ્ટેશનના કલેવર બદલાયા

# સુપરફાસ્ટ ટ્રેનોના સંચાલન માટે ટ્રેન અને પ્લેટફોર્મની કનેક્ટિવિટીમાં મોટો ફેરફાર

## ઈન્દોર-જી આર પી માટે નવી જગ્યા, રેલવે કર્મચારીઓ માટે આરામ



(પ્રતિનિધી) દાહોદ, તા.13

રેલવે સ્ટેશનના નવીનીકરણના ભાગરૂપે ગુજરાત રેલવે પોલીસ (GRP) માટે નવા પોલીસ સ્ટેશનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ માટે બી કેબીન નજીક જગ્યા ફાળવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. નવી સુવિધા તૈયાર થયા બાદ હાલના પોલીસ સ્ટેશનના માળખાને દૂર કરવાની યોજના છે. બીજી તરફ રેલવે કર્મચારીઓ અને અધિકારીઓ માટે રનીંગ રૂમ અને આરામગૃહ બનાવવાનું પણ આયોજન છે આ સુવિધા માટે હાલના વીઆઈપી પાર્કિંગ અને સલૂનની પાછળના વિસ્તારમાં જ્યાં આરપીએફની ડોગ સ્ક્વોર્ડ સંબંધિત સુવિધા આવેલી છે, ત્યાં જગ્યા ઉપયોગમાં લેવાની યોજના હોવાનું જણાવવામાં આવ્યું છે સાથે જ સમાંતર રીતેં ઓવર હેડ ઈલેક્ટ્રીકેશન શિફ્ટિંગ અને ઈન્સ્ટોલેશનનું કામ પણ ચાલી રહ્યું રેલવે રતલામ અને વડોદરા તરફના રેલમાર્ગ પર નવા ટ્રેક પાથરવા, વધારાના પોઈન્ટ ઊભા કરવા અને દિલ્હી મુંબઈ રેલમાર્ગની અપ ડાઉન લાઈનોને નવા પ્લેટફોર્મ નંબર ચાર સાથે જોડવા સહિતની કામગીરી ચાલી રહી છે. આ ફેરફારોનો મુખ્ય હેતુ ભવિષ્યમાં વિવિધ દિશામાંથી આવતી અને જતી ટ્રેનોનું સંચાલન વધુ સુવ્યવસ્થિત બનાવવાનો છે. રેલ્વે દ્વારા ભવિષ્યમાં ટ્રેનોને પ્રતિ કલાક ૧૬૦ કિલોમીટરની ઝડપે દોડાવવાના લક્ષને ધ્યાનમાં રાખીને રેલમાર્ગના આધુનિકરણ અને સલામતી સંબંધીત માળખામાં સુધારાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. વડોદરા-રતલામ સેક્શનમાં ટ્રેક અને પોઈન્ટની વ્યવસ્થામાં ફેરફારો દ્વારા ટ્રેનોના સંચાલનને વધુ કાર્યક્ષમ બનાવવાની દિશામાં કામગીરી થઈ રહી છે. રેલવે સેફટી નિયમમાં બે ટ્રેક અને ટ્રેનોના સંચાલન વડે ૧૫ કિ.મીનું અંતર હોવું જરૂરી છે. પરંતુ દાહોદ સેક્શનમાં થણી જગ્યાએ આ અંતર ઓછું હોવાથી સુરક્ષા ની દ્રષ્ટિએ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. આ સાથે ટૂંક સમયમાં શરૂ થનારી ઈન્દોર-દાહોદ રેલ લાઈનની કનેક્ટિવિટીને ધ્યાનમાં રાખીને દાહોદ સ્ટેશન પર ટ્રેનોની અવરજવર માટે જરૂરી માળખાકીય ફેરફારો કરવામાં આવી રહ્યા છે. જેમાં દિલ્હી-મુંબઈ વચ્ચે માલગાડીઓના ઝડપી અને કાર્યક્ષમ સંચાલન માટે ડેડીકેટેડ ફ્રેટ કોરિડોરનું મહત્વ સતત વધી રહ્યું છે. આ પ્રોજેક્ટને ધ્યાનમાં રાખીને દાહોદ રેલવે સ્ટેશન પર ટ્રેક નંબર ૬ અને ૭ ને નવી રેલવે લાઈન ખાતે જોડવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ કનેક્ટિવિટી પૂર્ણ થયા બાદ ભવિષ્યમાં ફ્રેટ કોરીડોરની ટ્રેનોનું સંચાલન નિર્ધારિત વ્યવસ્થા મુજબ અલગ અલગ ટ્રેકો પરથી કરી શકાય તેવી સુવિધા ઉભી થશે. જેના કારણે મુખ્ય પેસેન્જર રેલમાર્ગ પર માલગાડીના સંચાલનથી ઊભા થઈ શકતા અવરોધને ઘટાડવામાં મદદ મળી શકે છે.

### કાલોલના અડાદરામાં એલ.સી.બી.નો સપાટો

# રૂ.૪.૭૬ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો



(પ્રતિનિધી) કાલોલ, તા.13

પંચમહાલ જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ અને દારૂની હેરાફેરી નેસ્તનાબૂદ કરવા માટે હાથ ધરાયેલી ખાસ ઝુંબેશ અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પંચમહાલ-ગોધરાની ટીમે સફળ રેડ પાડી કાલોલ તાલુકાના અડાદરા ગામેથી રૂ. ૪,૭૬,૩૬૧/- ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ ની સૂચના મુજબ એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. વોરાની માર્ગદર્શિકા હેઠળ એલ.સી.બી. સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન એલ.સી.બી.ના અ.પો.કો. હેમરાજસિંહ મહેન્દ્રસિંહ તથા સત્યજીતસિંહ દિગ્વિજયસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, અડાદરા ગામના સુથાર ફળિયામાં રહેતો હસમુખ ઉર્ફે ભુરીયો અર્જુનભાઈ જાદવ વિદેશી દારૂનો જથ્થો મંગાવી પોતાના ઘરની સામે આવેલી જૂની ઓરડીમાં સંતાડીને રાખ્યો છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પરથી જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો, ક્વાટરીયા, અડધીયા તથા બીયર ટીન મળીને કુલ ૧૭૬૧ નંગ મુદ્દામાલ (કિંમત રૂ. ૪,૭૬,૩૬૧/-) કબજે કર્યો છે. રોયલ સ્ટેગ, ગોવા સ્પીરીટ, બ્લેન્ડર્સ પ્રાઈડ, મેકડોવેલ્સ નં. ૧, લંડન પ્રાઈડ, મેજિક મોમેન્ટસ વોડકા સહિતની બોટલો, ક્વાટરીયા અને અડધીયા. માઉન્ટસ ૬૦૦૦ અને ટુબર્ગ પ્રીમિયમ બીયર ટીન (કુલ ૩૫૬ નંગ) આ દરોડા દરમિયાન આરોપી હસમુખ ઉર્ફે ભુરીયો અર્જુનભાઈ જાદવ (રહે. અડાદરા, સુથાર ફળિયું, તા. કાલોલ, જિ. પંચમહાલ) સામે વેજલપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### દાહોદ એસ.ઓ.જી મોટી કાર્યવાહી

# સિંગવડ નજીક હીરાપુરમાં ગાંજાના ૧૮૫ છોડ સાથે એક ઝડપાયો

## પોલીસે કુલ 40 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી



(પ્રતિનિધી) સિંગવડ, તા.13

રણધીકપુર પોલીસ સ્ટેશન, તા.સિંગવડ એસ.ઓ.જી. શાખા દાહોદ અને રણધીકપુર પોલીસને મોટી સફળતા મળી છે.

પોલીસે મોજે હીરાપુર, ખુણી ફળિયામાં ખેતરમાં વાવેલા વનસ્પતિજન્ય માદક પદાર્થ લીલા ગાંજાના 185 છોડ કબજે કર્યા છે. પોલીસ વિગત મુજબઃ પો.સ્ટે. ગુ.ર.નં.: 11192100 12612175/2025 - NDPS એક્ટ 1985 ની કલમ 8(બી), 20(એ) મુજબતારીખ અને સમયઃ તા. 12/10/2025, સાંજે 19/30 વાગ્યે સ્થળઃ મોજે હિરાપુર, ખુણી ફળીયું, તા.સિંગવડઆરોપી સબુરભાઈ જોખનાભાઈ ભગોરા (ઉ.વ.50), ધંધો ખેતી, રહે. હિરાપુર આરોપીએ પોતાના કબજા ભોગવટાના ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર કર્યું હતું. પોલીસે કુલ 80.830 કિલો વજનના છોડ, જેની બજાર કિંમત રૂ. 40,41,500/- થાય છે, તે જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. આ કામગીરી એસ.ઓ.જી. ના પો.સબ.ઈન્સ. એસ.યુ. જોષી દ્વારા કરવામાં આવી હતી. ગુનો રણધીકપુર પોલીસ સ્ટેશનમાં દાખલ કરી તપાસ પો.ઈન્સ. જે.એમ. ભરવાડ ચલાવી રહ્યા છે.

### માચીથી મંદિર સુધી કચરો ન ફેંકવા અપીલ

# નવરાત્રી પર્વે પાવાગઢમાં સ્વચ્છતા જાળવવા ફોરેસ્ટ વિભાગ સક્રિય



(પ્રતિનિધી) હાલોલ, તા.13

હાલોલ ફોરેસ્ટ વિભાગનાં આર.એફ.ઓ. ચંદ્રિકાબેન ચૌધરી તથા વિભાગની ટીમ દ્વારા માચીથી મંદિર સુધીના માર્ગ પર સ્વચ્છતા જાળવવા શ્રદ્ધાળુઓને અપીલ કરવામાં આવી છે. સાથે જ માર્ગ પર આવેલી દુકાનોના સંચાલકોને પણ દુકાનનો કચરો રસ્તા પર કે જંગલ વિસ્તારમાં ન ફેંકવા અને કચરાના યોગ્ય નિકાલ માટે ખાસ ટકોર કરવામાં આવી છે. સરકારશ્રીના સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે કચરો એકત્ર કરવા નિયુક્ત કરાયેલા કર્મચારીઓને જ કચરો સોંપવા જણાવાયું છે.

પ્લાસ્ટિકની થેલીઓ, પાણીની બોટલો અને ખાદ્ય પદાર્થોના રેપર જંગલ વિસ્તારમાં ફેંકવાથી પર્યાવરણને નુકસાન થાય છે. તેથી શ્રદ્ધાળુઓ તેમજ દુકાનદારો સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપે તે જરૂરી છે. ફોરેસ્ટ વિભાગે નવરાત્રી દરમિયાન પાવાગઢની મુલાકાતે આવતા શ્રદ્ધાળુઓ અને તમામ દુકાનદારોને સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બની યાત્રાધામની પ્રાકૃતિક સુંદરતા જાળવવા અપીલ કરી છે. સ્વચ્છ પાવાગઢ, સુંદર પાવાગઢ – સ્વચ્છતા જાળવવી એ સૌની જવાબદારી.

### ગોધરા તાલુકાના પઢીયાર ગામે કાર્યવાહી

# સરપંચ હરેન્દ્રસિંહ રાઉલજી હોદ્દાના દુરુપયોગ અને નાણાકીય ગેરરીતિ બદલ સસ્પેન્ડ

## અરજદાર ભુપત ડાભીની રજૂઆત બાદ સરપંચે પોતાની જ પેઢીમાં પંચાયતના લાખો રૂપિયા લીધાનો ભાંડો ફૂટ્યો



(પ્રતિનિધી) ગોધરા, તા.13

ગોધરા તાલુકાની પઢીયાર ગ્રામ પંચાયતના સરપંચ હરેન્દ્રસિંહ રામસિંહ રાઉલજીને ગંભીર નાણાકીય ગેરરીતિ, સત્તાનો દુરુપયોગ અને ફરજ બજાવવામાં ગેરવર્તણૂક આચરવા બદલ જિલ્લા વિકાસ અધિકારી પ્રણવ વિજયવર્ગીય દ્વારા તાત્કાલિક અસરથી સરપંચ પદેથી દૂર કરવામાં આવ્યા છે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૫૭(૧) હેઠળ આ હુકમ પસાર કરી, સરપંચનો ચાર્જ ઉપસરપંચને સોંપવાનો અને સાત દિવસમાં પંચાયતનું તમામ રેકોર્ડ તથા બેંકની સત્તાઓ પરત લેવાનો આદેશ વહીવટી તંત્ર દ્વારા આપી દેવામાં આવ્યો છે. સરપંચ સામે લેવાયેલા આ કડક પગલાં પાછળ જાગૃત નાગરિકોની ફરિયાદોએ મુખ્ય ભૂમિકા ભજવી છે. અરજદાર ભુપતભાઈ ડાભી દ્વારા પી.જી. પોર્ટલ પર કરવામાં આવેલી રજૂઆતના આધારે પંચાયતમાં થયેલી ગંભીર નાણાકીય ગેરરીતિનો પર્દાફાશ થયો હતો.

તાલુકા વિકાસ અધિકારીના તપાસ અહેવાલમાં સાબિત થયું હતું કે સરપંચે ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસ કામોના મટીરીયલ્સ પેટે જય માતાજી સપ્લાયર્સ નામની પોતાની જ પેઢી બનાવીને સરકારી નાણાં અંગત ખાતામાં જમા લીધા હતા. સત્તાવાર તપાસ મુજબ, જય માતાજી સપ્લાયર્સના નામે રૂ. ૯,૬૬,૩૫૦ તથા સરપંચના પોતાના નામે રૂ. ૨,૬૩,૬૩૦ મળીને તમામ રકમ સરપંચના એક જ અંગત બેંક ખાતામાં જમા થઈ હતી. પંચાયતના કામોમાં પ્રત્યક્ષ હિત રાખીને હોદ્દાનો દુરુપયોગ કરવાના આ કૃત્યથી તેમણે કલમ-૩૦ (૧) (જ) નો સ્પષ્ટ ભંગ કર્યો હોવાનું સત્તાવાર રેકોર્ડ પર પૂરવાર થયું છે.

આ ઉપરાંત, અન્ય એક અરજદાર કાનાભાઈ પરમાર દ્વારા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં કરવામાં આવેલી રજૂઆતમાં પણ સરપંચની ગેરવર્તણૂક સામે આવી હતી. તપાસમાં ખૂલ્યું હતું કે સરપંચ હરેન્દ્રસિંહ રાઉલજીએ પોતે જ ગામના સી.સી. રોડ પર દબાણ કર્યું હતું અને તાલુકા વિકાસ અધિકારીની નોટિસ મળવા છતાં પોતાનું દબાણ દૂર કર્યું ન હતું. એટલું જ નહીં, અન્ય દબાણકર્તાઓને આપવાની થતી બીજી નોટિસમાં સહી કરવાનો ઈનકાર કરી તેમણે પંચાયતની કાર્યવાહી પણ અટકાવી દીધી હતી અને પોતાની ફરજ બજાવવામાં વારંવાર બેદરકારી દાખવી હતી.

# સિંગવડ તાલુકાની પીપલીઆ (રં.) પ્રાથમિક શાળા ખાતે નવીન ત્રણ ઓરડાના ખાતમુહૂર્ત



(પ્રતિનિધી) સિંગવડ, તા.13

સમગ્ર શિક્ષા અંતર્ગત સિંગવડ તાલુકા ની પીપલીઆ (રં.) પ્રાથમિક શાળા ખાતે નવીન ત્રણ ઓરડાઓના "ખાતમુહૂર્ત" નો કાર્યક્રમ 13-10-2026 મંગળવારના રોજ સવારે 9 કલાકે યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી અને દાહોદના સંસદ સભ્ય જશવંતસિંહ એસ. ભાભોર ના વરદ હસ્તે શાળાના નવા ઓરડાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો અને સરકાર શિક્ષણ ક્ષેત્રે કરી રહેલી કામગીરીની માહિતી આપી હતી. આ પ્રસંગે વાલાગોટા જિલ્લા પંચાયત સભ્ય અરવિંદભાઈ તાલુકા પંચાયત સદસ્યો પીપળીયા સરપંચ તથા આજુબાજુના સરપંચો શિક્ષક મહાસંઘના પ્રમુખ તથા તેમની કારોબારી શૈક્ષિક મહા સંઘના પ્રમુખ તથા તેમની કારોબારી તથા શિક્ષક ગણો અને પીપળીયા ગામના નાગરિકો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આવેલા મહેમાનોનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

# દાહોદ જિલ્લા અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું

દાહોદ : દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ અને તાલુકા કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે "લોકશાહી બચાવો સપ્તાહ' અંતર્ગત એક વિશાળ કાર્યક્રમ અને વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલી ડૉ. બાબા સાહેબ આંબેડકરજી ની પ્રતિમા પાસે જિલ્લા અને તાલુકા કોંગ્રેસના તમામ ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખો, હોદ્દેદારો, પૂર્વ સાંસદો, પૂર્વ ધારાસભ્યો, વિધાનસભાના ઉમેદવારો, તેમજ જિલ્લા, તાલુકા અને નગરપાલિકાના ચૂંટાયેલા અને સ્પર્ધક પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સિંગવડની જી.એલ. શેઠ હાઈસ્કૂલ ખાતે કલા મહાકુંભનું ભવ્ય આયોજન

સિંગવડ : કમિશ્નર ગુજરાત સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર, તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દાહોદ તથા સિંગવડ તાલુકાના સંયુક્ત ઉપક્રમે આજરોજ જી.એલ. શેઠ હાઈસ્કૂલ, સિંગવડ ખાતે કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 6 થી 14 વર્ષમાં 35, 14 થી 21 વર્ષમાં 22 અને 21 થી ઉપરની કેટેગરીમાં 10 એમ કુલ 265 બાળ કલાકારોએ ભાગ લીધો હતો.

સ્પર્ધામાં એકપાત્રીય અભિનય, ગરબા, લોકનૃત્ય, નિબંધ, ચિત્ર, વકૃત્વ, ગઝલ, હરી-ચંદ ભજન, કવિતા, લગ્નગીત, સંગીત વાદ્ય વગેરે જેવી વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી.

**જાહેર નોટીસ** અરજદારના વ.શ્રી. એ.એમ.વસૈયા

**ઝાલોદના બીજા એડી.ચીફ જ્યુડી.મેજિસ્ટ્રેટ ની કોર્ટમાં મુ. ઝાલોદ**

ફો.પ.અ.નં. પ૨૪/૨૦૨૬ મુદત તારીખઃ- ૧૭/૧૦/૨૦૨૬

અરજદારઃ કિશોરી રસુભાઈ હરસીંગભાઈ કાકરાકુવા, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ
સામાવાળાઃ તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત કચેરી, સાબલી, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ

બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસ થી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના ગુજરનાર માતા કિશોરી રામુડીબેન હરસિંગભાઈનાઓ તા.૧૩/૦૭/૨૦૨૦ ના રોજ કાકરાકુવા, તા.ગોવિંદગુરુ લીમડી જી.દાહોદ મુકામે કુદરતી રીતે મરણ ગયેલ.અરજદારને તેમના માતા કિશોરી રામુડીબેન હરસિંગભાઈના મરણ પ્રમાણપત્રની જરૂર પડતા તા.૧૬/૦૯/૨૦૨૬ ના રોજ સામાવાળા ત.ક.મંત્રી પાસે મરણ પ્રમાણપત્ર લેવા ગયેલ જેથી સામાવાળાએ સને ૨૦૨૦ના મરણ રજીસ્ટરની તપાસ કરતા અરજદારના માતાના મરણ તારીખની નોંધણી થયેલ ન હોય તે અંગેનુ અપ્રાપ્ય પ્રમાણપત્ર, મરણની નોંધણી નથી થયેલ હોવા અંગેનુ પ્રમાણપત્ર અને પંચક્યાસ વગેરે અરજદારને આપેલ. સદર અરજદાર અભણ, કાયદાના જાણકાર ન હોય અને અંદરના ગામડામાં રહેતા હોય જેથી તેમની ગુજરનાર માતાની મરણની તારીખ નોંધણી કરાવવાની રહી ગયેલ જેથી સામાવાળાના મરણ રજીસ્ટરના રેકોર્ડ નોંધણી કરાવીને મરણપ્રમાણપત્ર મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. પ૨૪/૨૦૨૬ થી દાખલ કરેલ છે. સદરહુ મરણ પ્રમાણપત્ર અરજદારને આપવા સામે જે કોઈ ઈસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ ૧૭/૧૦/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો આ તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૩ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એસ.બી.બામણીયા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (એસ.કે.ડામોર) શિરસ્તેદાર | કોર્ટનો સિક્કો | હુકમથી (રજીસ્ટ્રાર) એડી.ચીફ જ્યુડી.મેજી.કોર્ટ, ઝાલોદ

**જાહેર નોટીસ** અરજદારના વ.શ્રી. એ.એમ.વસૈયા

**ઝાલોદના બીજા એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ ની કોર્ટમાં મુ. ઝાલોદ**

ફો.પ.અ.નં. પ૨૧/૨૦૨૬ મુદત તારીખઃ- ૧૭/૧૦/૨૦૨૬

અરજદારઃ ચારેલ જીથરાભાઈ મનાભાઈ મહુડા ફળીયુ, રામપુરા, તા. ઝાલોદ જી. દાહોદ
સામાવાળાઃ તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત કચેરી, રામપુરા તા. ઝાલોદ, જી. દાહોદ

બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસ થી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર ચારેલ સુનીલભાઈ જીથરાભાઈ નો જન્મ તા. ૧૮/૦૪/૨૦૧૦ ના રોજ રામપુરા, તા. ઝાલોદ જી. દાહોદ મુકામે અમારા ઘરે થયેલ. જે તે સમયે કાયદાની અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રના જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ. હાલમાં તેઓના પુત્રના અભ્યાસ તથા અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક. મંત્રીને અરજી કરતા તેઓએ રેકોર્ડ તપાસી તા. ૧૪/૦૯/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે તેમના પુત્રનુ નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી. જેથી જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. પ૨૧/૨૦૨૬ થી દાખલ કરેલ છે. સદરહુ જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઈસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ ૧૭/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યાદી તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૩ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો

તૈયાર કરનાર (એસ.બી.બામણીયા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (એસ.કે.ડામોર) શિરસ્તેદાર | કોર્ટનો સિક્કો | હુકમથી (રજીસ્ટ્રાર) એડી.ચીફ જ્યુડી.મેજી.કોર્ટ, ઝાલોદ